# પ્રેસનોટ

જી.એમ.ડી.સી. મેદાન, અમદાવાદ ખાતે પાટીદાર સમાજ/PASS/સરદાર સેવા ગ્રુપ વિગેરે દ્વારા આયોજિત કાર્યક્રમમાં આવતીકાલ સવાર ૦૭.૦૦ થી વિશાળ સંખ્યામાં હાજરી રહેનાર છે. રેલીમાં બહારગામથી આવતા વાહનો તા.૨૩/૮/૨૦૧૫ ના રાત્રીના ૧૨/૦૦ પછી શહેરમાં પ્રવેશવા શરૂ થાય તેવી શકયતા છે. વિવિધ દિશામાંથી આવનાર વાહનો માટે કાર્યક્રમમાં આવવા માટે રૂટ અને રૂટને અનુરૂપ પાર્કીંગ માટે જગ્યા સુચવવામાં આવેલ છે. મોટી સંખ્યામાં હાજરીની શકયતા ધ્યાને લઇ પાર્કીંગની જગ્યા કે ભાગ લેનારને વાહનોમાંથી નજીકની જગ્યાએ ઉતારવામાં આવે ત્યાંથી પગે ચાલી કાર્યક્રમમાં ભાગ લેનાર ચાલીને જશે. રેલીમાં આવનાર વાહનો અને રેલીમાં ચાલીને જનારને કોઇ અવરોધ ન થાય, રૂટિનમાં રોડ પર પાર્ક થતા વાહનોને કારણે કાર્યક્રમ સ્થળ જનાર મુખ્ય માર્ગમાં સંકડાશ ઉભી ન થાય તે માટે રાત્રીના ૧૦.૦૦ સુધી નીચેના દર્શાવેલ રસ્તાઓ પર જો કોઇ રૂટિનક્રમમાં પોતાનું વાહન જાહેર માર્ગ પર કરતા હોય તો તેમને તા.૨૪.૮.૨૦૧૫ ના રાત્રીના ૨૧.૦૦ થી તા.૨૫.૮.૨૦૧૫ ના ૨૧.૦૦ સુધી પોતાનું વાહન રોડ પર નહીં કરતા બિલ્ડીંગ/સોસાયટી/શોપીંગ સેન્ટર/ફ્લેટઝમાં પાર્કીંગ માટે નિયત થયેલી જગ્યા પર જ વાહન પાર્ક કરવા વિનંતી છે :

1) ચીમનભાઇ બ્રીજથી APMC સુધીનો ૧૩૨ ફૂટ રોડ
2) ચીમનભાઇ બ્રીજથી ગાંધીઆશ્રમ થઇ કોચરબ આશ્રમ, વાસણા, APMC વિશાલા, સરખેજ સર્કલથી સૌરાષ્ટ્ર તરફથી આવતા રોડ સુધી
3) અંજલી સિનેમા થી ધરણીધરથી માણેકબાગ સર્કલથી નહેરુનગર સર્કલ થી પાંજરાપોળ થી એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ થી વિજય ચાર રસ્તાથી ઉસ્માનપુરા સુધીનો રોડ
4) નરોડાથી નારોલ થઇ વિશાલા સર્કલ સુધી
5) શાન્તિપુરા સર્કલથી સરખેજ થઇ થલતેજ સર્કલ સુધી સરખેજ ગાંધીનગર રોડ
6) પકવાનથી કેશવબાગ, વસ્ત્રાપુર તળાવ ફરતેના રોડ, વસ્ત્રાપુરથી
7) થલતેજ ચોકડીથી સાંઇબાબા સર્કલ વિજય ચાર રસ્તાથી સ્ટેડિયમ ચાર રસ્તા
8) સાંઇબાબા સર્કલથી NFT સર્કલથી વસ્ત્રાપુર તળાવ આવતો રસ્તો
9) બૂટાસિંગ મહાદેવ થઇ નવરંગપુરા પોલીસ સ્ટેશન, સ્વસ્તિક ચાર રસ્તાથી યુનિવર્સીટી લાયબ્રેરીથી સીંડરટ્રેક

આ રસ્તાઓ પર જે વાહન ચાલકો AMC દ્વારા રોડ સાઇડમાં દોરેલ પટ્ટાઓ સુધી રોડ પર વાહન પાર્ક કરતા હોય તો તેમણે પણ ઉપરોક્ત સમય દરમ્યાન રોડ પર વાહન પાર્ક કરવાના નથી. આ રોડ પર સેકન્ડ હેન્ડ કાર વેચવાનો ધંધો કરનાર, રોડ સાઇડ પર વાહન રીપેરીંગ ગેરેજ ચલાવનાર કે એસેસરીઝ ફીટ કરનાર વેપારીઓ, ટ્રાન્સપોર્ટની ઓફિસ રોડ પર હોય તેવા ટ્રાન્સપોર્ટરો, બસ ઓપરેટરો, રોડ સાઇડમાં કે સર્વિસ રોડ પર પાર્કીંગ કરતાં લોડીંગ ટેમ્પો/રીક્ષા/ટ્રકના માલિકો વિગેરે આ બાબત ખાસ ધ્યાન પર લેવા સૂચના છે.

અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર